ગુજરાત સ્થાપના દિવસ ફોટોવૉકર્સે પણ ઉજવ્યો


અર્પણ પંડ્યા

ગાંધીનગર, તા. ૧

છેલ્લા ત્રણેક સપ્તાહથી સમાચારોમાં ઝળકી રહેલા ફોટોવૉકર્સ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી પોતાની અનોખી રીતે કરીને આજે ફરી વાર ઝળક્યા છે.

ગાંધીનગર સમાચારના નિયમિત વાચકો જાણે છે કે ગાંધીનગરમાં ફોટોવૉકનો આરંભ થઈ ચૂક્યો છે. અગાઉની બે ફોટોવૉકમાં અનુક્રમે ઈન્દ્રોડા ગામનો કિલ્લો અને પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ વિષયો હતા. પહેલી ફોટોવૉક પછી ફોટોવૉકર્સે પોતાના જૂથનું અલાયદું નામ - બેરફૂટ ફોટોવૉકર્સ આપ્યું અને એ સાથે જ લોકોને સ્પર્શતા, ઉપયોગી વિષયો ફોટોગ્રાફી દ્વારા કવર કરવાનો નિર્ધાર પણ કર્યો, જે પૈકી પ્રથમ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનના વિષયને સાંકળી લેવામાં આવ્યો.

એ નિર્ધારને વળગી રહેતાં ગઈકાલે રાત્રે ફોટોવૉકર્સે ત્રીજી ફોટોવૉક યોજી હતી. આ વખતે એમનો વિષય હતો ગુજરાત સ્થાપના દિવસની ગાંધીનગરમાં ઉજવણી. એ માટે ગઈકાલે રાત્રે ઘ-૪, ચ-૪ વિસ્તારમાં કરવામાં આવેલી રોશનીથી જ એમણે શરૂઆત કરી દીધી. ફોટોવૉકર્સ દ્વારા ખૂબ ધ્યાનથી અને કલાત્મક રીતે તસવીરો લેવામાં આવી. આલોક બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ ફોટોવૉકર્સે કૅમેરા ટેકનીક્સનો પણ ઉપયોગ કર્યો અને સુંદર ફોટોગ્રાફ કૅમેરામાં કંડાર્યા.

૯ જેટલા ફોટોગ્રાફર્સ આ ફોટોવૉકમાં જોડાયા અને આજે રાત્રે પણ આ ફોટોવૉક કાયમ રહેવાની છે. પહેલી મેની ઉજવણી પછીના ફોટોગ્રાફ્સ પણ ફોટોવૉકર્સ દ્વારા કૅપ્ચર થઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦નો વિદ્યાર્થી સાર્થક શાહ પણ અનુભવી અને યુવાન ફોટોવૉકર્સ સાથે આ પ્રવૃત્તિ કરી રહ્યો છે.

ફોટોગ્રાફી એટલે આમ તો પ્રકાશ વડે થતી ચિત્રકારી. પરંતુ રાત્રે ખૂબ જ મર્યાદિત પ્રકાશ સાથે સુંદરતા કૅમેરામાં કંડારવી મુશ્કેલ છે. પરંતુ ગાંધીનગરના ઉત્સાહી ફોટોવૉકર્સે આ બાબતને પડકાર માનીને એ પડકારનો સ્વીકાર કર્યો અને રાજ્ય સ્થાપના દિવસની ઉજવણીને પોતાના માધ્યમથી યાદગાર બનાવવાનો સુંદર પ્રયાસ કર્યો.

વિજય પવાર


આલોક બ્રહ્મભટ્ટ

દેવાંશ ત્રિવેદી

ચૂંટણીપંચના નિરીક્ષક ગર્ગ ગાંધીનગરમાં

માણસા પેટા-ચૂંટણીમાં ઉમેદવારોએ રજૂ કરેલા ખર્ચના હિસાબોની ચકાસણી કરી : આજે ઉમેદવારો સાથે ખર્ચ અંગે ચર્ચાઓ કરી પંચને અહેવાલ મોકલશે

ગાંધીનગર, તા. ૧

માણસા વિધાનસભા મત વિસ્તારની સંપન્ન થયેલ પેટા-ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ અંગેનો આખરી અહેવાલ તૈયાર કરવા પંચના ખર્ચ નિરીક્ષક શ્રી ગર્ગ આજે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યા છે.

આ પેટા-ચૂંટણીમાં ખર્ચ નિરીક્ષણ અંગે ચૂંટણીપંચે કરેલી મહત્વની જોગવાઈઓને ધ્યાને રાખી હવે આખરી અહેવાલ શ્રી ગર્ગ તૈયાર કરશે.

આ પેટા-ચૂંટણીમાં બધા ઉમેદવારોએ તેમના હિસાબો રજુ કરી દીધા છે. આ ચૂંટણીમાં ઉમેદવારોએ રજુ કરેલા હિસાબોની ચકાસણી દરમ્યાન ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ રજુ કરેલા હિસાબોની ચકાસણી દરમ્યાન ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ રજુ કરેલા હિસાબો અને પંચે કરેલી ગણતરી મુજબ થોડોક તફાવત આપી રહ્યો હોવાથી આ બન્ને પક્ષના ઉમેદવારોને આજે રૂબરૂ સાંભળ્યા બાદ નિરીક્ષકશ્રી તેમનો અહેવાલ તૈયાર કરશે.

શ્રી ગર્ગે આજે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપની પણ મુલાકાત લીધી હતી. તેમણે તેમની આ મુલાકાત પછી અધિકારીઓ સાથે બેઠક યોજી અને ખર્ચ અંગે રજુ થયેલા હિસાબોની ચકાસણી બાબતે ચર્ચા-વિચારણાઓ કરી હતી.

ચૂંટણી પંચે નિયત કરેલ ખર્ચ મર્યાદા કરતાં પણ ઓછો ખર્ચ બન્ને ઉમેદવારોએ દર્શાવ્યો છે.

આ પેટા-ચૂંટણીમાં ખર્ચ નિરીક્ષણ માટે કેટલીક વિશિષ્ટ ટીમો બનાવવામાં આવી હતી એટલુ જ નહિ પંચે કેટલાક મહત્વના નિયંત્રણો પણ લાદ્યા હતા. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ હવે યોજાવાની છે તેમાં આ પેટા-ચૂંટણીનો અનુભવ કામ લાગશે.

શ્રી ગર્ગ આજે સાંજે મુંબઈ જવા રવાના થશે તેમ જાણવા મળેલ છે.

ખૂણે ખાંચરેથી

● મહાનગરપાલિકાના આસિ. કમિશનર શ્રી ચૌધરીના પુત્રને મેલેરિયા પોઝીટીવ જણાતાં સિવિલમાં દાખલ કરાયો હતો. જોકે હવે રજા આપી દેવામાં આવી છે. ● ચિલોડા નજીક આજે ઠાકોર સમાજના યોજાયેલા પાંચમા સમૂહ લગ્નોત્સવમાં ૩૨ જેટલા યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા. ● ગાંધીનગર શહેર ભાજપે ડોક્ટર સેલની રચના કરી છે જેમાં કન્વીનર તરીકે ડૉ. પ્રદીપ ભાવસાર તથા સહકન્વીનર તરીકે ડૉ. ભરતભાઈ દેસાઈ અને ડૉ. અરવિંદસિંહ વાઘેલાની નિયુક્તી કરી છે. ● આજે ગૌરવદિનના કાર્યક્રમની ઉજવણીમાં મેયર સહિત તમામ નગરસેવકોની ગેરહાજરી દેખાઈ આવતી હતી. ● ક્ષત્રિય સમાજના સંમેલનની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજે સમાજના અગ્રણીઓની એક બેઠક સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે મળી હતી.

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર-F
લોબી સુપરવાઈઝર-F
હેલ્પર - M/F
સંપર્ક
મો. ૯૮૨૪૨૦૦૦૭૨

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ડો. પ્રશાંત મેરજા
તા. ૨-૫-૮૫ થી
સદાકાળ

પ્યારા ભૈયા
પ્રશાંતને....
૨૭માં જન્મદિને,
જ્યાં હોય ત્યાં...
સદાબહાર હીરોને...
અમારા
હેપી બર્થ ડે....!
સ્મરણ કેરા ગગનના,
સદૈવ ઝળહળતા
સિતારાને,
નત મસ્તકે
ઓવારણાં....

પાયલ, યામી, જય, સન્ની મેરજા, આન્ટી-અંકલ, મમ્મી-પપ્પા, દીદી-ફુઆ, બા-બાપુજી

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com